કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યઝપેપર Digital Copy जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 7 | 25 July 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujrat2025@gmail.com | CANADA |

# ભારત-યુકેએ FTA કરાર પર કર્યા હસ્તાક્ષર



લંડનઃ ચાર દિવસના વિદેશ પ્રવાસે ગયેલા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે યુ.કે. ખાતે પહોંચ્યા છે. તેમણે યુ.કે.ના વડા પ્રધાન સાથે એક ઐતિહાસિક કરાર કર્યો છે. બંને દેશો વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ(FTA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરારના ફાયદા શું છે? એ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ માહિતી આપી છે.

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, “આ કરાર માત્ર આર્થિક કરાર નથી, પરંતુ બંને દેશ વચ્ચેની સમૃદ્ધિનો રોડમેપ છે. આ કરારથી ભારતના ખેડૂતો, માછીમારો, એમએસએમઈ એકમો તથા વિવિધ ઉદ્યોગોને સીધો લાભ થશે. ભારતીય કપડાં, બુટ-ચંપલ, રત્ન અને ઘરેણા, સી ફૂડ અને ઈજનેરી વસ્તુઓને બ્રિટનમાં વધુ સારું માર્કેટ મળશે.”

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું કે, “આ સિવાય ભારતની ખેત-પેદાશો અને પ્રોસેસ્ડ ફૂડ ઉદ્યોગને પણ બ્રિટનમાં નવી તકો મળશે. ભારતના લોકો અને ઉદ્યોગ ક્ષેત્રને હવે બ્રિટનમાં નિર્માણ પામેલા ઉચ્ચ ગુણવત્તાવાળા મેડિકલ ઉપકરણો વાજબી અને સસ્તા ભાવે મળી રહેશે. જેથી આરોગ્ય ક્ષેત્રની વેગની સાથોસાથ ટેક્નોલોજી ટ્રાન્સફર અને નવીનતાને પણ પ્રોત્સાહન મળશે.”

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા બ્રિટિશ નાગરિકો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરતા કહ્યું હતું કે, બ્રિટનમાં રહેતા ભારતીય મૂળના લોકો બંને દેશો વચ્ચેનો જીવંત સેતુ સમાન છે. તેઓની રચનાત્મકતા, પ્રતિબદ્ધતા અને ચરિત્રનો પ્રભાવ બ્રિટનની અર્થવ્યવસ્થા, સંસ્કૃતિ, રમતગમત અને સાર્વજનિક સેવામાં સ્પષ્ટપણે દેખાય છે. ઉલ્લેખનીય છે કે, બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મરે પીએમ મોદીના નેતૃત્વ અને વ્યવહારિકતાની પ્રશંસા કરવાની સાથોસાથ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને મહત્ત્વપૂર્ણ ગણાવ્યો છે. તેમણે જણાવ્યું કે, આ કરાર ભારતના ઈતિહાસનો સૌથી વ્યાપક કરારો પૈકીનો એક કરાર છે. યુરોપિયન યુનિયનમાંથી છૂટા પડ્યા બાદ યુ.કે.નો આ સૌથી મોટો અને મહત્ત્વપૂર્ણ આર્થિક વ્યાપારી કરાર છે.

## અનિલ અંબાણી સાથે જોડાયેલી મુંબઈ દિલ્હીમાં કંપનીઓ પર EDના દરોડા

નવી દિલ્હીઃ EDએ રિલાયન્સ જૂથના ચેરમેન અનિલ અંબાણી સાથે જોડાયેલા દિલ્હી અને મુંબઈના સ્થળો પર મની લોન્ડરિંગ કેસમાં દરોડા પાડ્યા છે. CBI દ્વારા નોંધાયેલી બે FIRના આધારે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેમાં મોટા પાયે નાણાકીય ગેરરીતિઓનો આરોપ છે. EDએ દિલ્હી અને મુંબઈમાં લગભગ 35 સ્થળો પર તપાસ હાથ ધરી છે, જેમાં 50થી વધુ કંપનીઓના રેકોર્ડ તપાસવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, 25થી વધુ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી હતી. આ તપાસ રિલાયન્સના ચેરમેન અનિલ અંબાણીની RAAGA કંપનીઓમાં કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી પ્રમાણે 2017થી 2019 દરમિયાન આ કંપનીને યસ બેંક દ્વારા લગભગ 3,000 કરોડ રૂપિયાની અસુરક્ષિત લોન આપવામાં આવી હતી. EDનો આરોપ છે કે આ લોનની સામે યસ બેંકના પ્રમોટરોને ગેરકાયદેસર ચૂકવણીઓ કરવામાં આવી હતી.

## Happy Birthday

*આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિ:શુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.*

## જન્મજાત નાગરિકતા સમાપ્ત કરવાના આદેશ પર કોર્ટે લગાવ્યો સ્ટે

વોશિંગ્ટનઃ અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી સત્તા પર આવ્યા છે. ત્યારથી જ પોતાના નિર્ણયોને લઈ ચર્ચામાં રહ્યા છે. તેમને વિદેશ સહિત દેશ માટે કેટલાક કાયદામાં ફેરફાર કર્યા છે. આ વચ્ચે તેમણે ઈમિગ્રન્ટ્સના બાળકોને જન્મજાત નાગરિકતાનો અધિકાર ન આપવા માટે પ્રયાસ કર્યા હતા. પરંતુ ટ્રમ્પ હાલ પૂરતું ઈમિગ્રન્ટ્સના બાળકોને આપવામાં આવતા જન્મજાત નાગરિકતાના અધિકારને સમાપ્ત કરી શકશે નહીં. અમેરિકાની એક સંઘીય અપીલ કોર્ટે આ કાયદાને ગેરબંધારણીય જાહેર કર્યો છે. કોર્ટે નીચલી અદાલતના ચુકાદાને સમર્થન આપ્યું જેણે આદેશના દેશવ્યાપી અમલને અવરોધિત કર્યો હતો.

9મી સર્કિટ કોર્ટ ઓફ અપીલ્સની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે 2-1ના નિર્ણયમાં જણાવ્યું કે અમેરિકામાં જન્મેલા બાળકોને નાગરિકતા આપવાનો અધિકાર બંધારણનો મૂળભૂત ભાગ છે. આ નિર્ણયે નીચલી કોર્ટના આદેશને સમર્થન આપ્યું, જેણે ટ્રમ્પના આદેશને રાષ્ટ્રવ્યાપી રોકવાનો હુકમ કર્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આવો આદેશ અમેરિકી બંધારણની વિરુદ્ધ છે અને તેનો અમલ થઈ શકે નહીં.

કોર્ટે જણાવ્યું કે ટ્રમ્પનો આદેશ અમેરિકામાં જન્મેલા ઘણા લોકોને નાગરિકતાથી વંચિત કરે છે, જે બંધારણનું ઉલ્લંઘન છે. આ નિર્ણય સિએટલના યુ.એસ. જિલ્લા ન્યાયાધીશના નિર્ણયને સમર્થન આપે છે.

વોશિંગ્ટન, એરિઝોના, ઈલિનોઈસ અને ઓરેગોન જેવા રાજ્યોએ આ આદેશનો વિરોધ કર્યો હતો, જેનું કહેવું હતું કે જો દેશના અડધા ભાગમાં જન્મસિદ્ધ નાગરિકતા લાગુ રહેશે, તો તેનાથી વહીવટી સમસ્યાઓ ઊભી થશે. હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચવાની શક્યતા વધી છે. અમેરિકી બંધારણનો 14મો સુધારો સ્પષ્ટ કહે છે કે અમેરિકામાં જન્મેલો અથવા પ્રાકૃતિક રીતે નાગરિક બનેલો કોઈપણ વ્યક્તિ, જે અમેરિકી અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, તે અમેરિકી નાગરિક છે. રાજ્ય સરકારોનું માનવું છે કે ટ્રમ્પનો આદેશ 1898ના સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક નિર્ણયની વિરુદ્ધ છે.

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**19 જુલાઈ શનિવારથી 25 જુલાઈ શુક્રવાર**

શ્રાવણ મહિનામાં શિવ અભિષેક માટે વિવિધ પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને શિવ અભિષેક કરવાથી વિવિધ લાભ પ્રાપ્ત થાય છે. શિવ અભિષેક કરવામાં દરેક સામગ્રીનું અલગ મહત્વ છે. આજે, અમે તમને વિવિધ સામગ્રીથી શિવ અભિષેક કરવાના ફાયદાઓ વિશે માહિતી આપી છે. આ સાથે, આપણે રાશિચક્ર અનુસાર એ પણ જાણીશું કે કઈ રાશિના વ્યક્તિએ કઈ સામગ્રીથી શિવ અભિષેક કરવો જોઈએ.

**મેષ રાશિ અ, લ, ઈ** પોતાની પૂજાનો મહત્તમ લાભ મેળવવા માટે પાણીના વાસણમાં ગોળ, ગંગાજળ, બિલ્વપત્ર અને સુગંધ ભેળવીને ભગવાન શિવનો અભિષેક કરવો જોઈએ..

**વૃષભ રાશિ બ, વ, ઉ** શ્રાવણ મહિનાના સોમવારે ભગવાન શિવનો શુદ્ધ દૂધ, ઘી અને દહીંથી અભિષેક કરવો જોઈએ અને ભગવાન શિવનો આશીર્વાદ મેળવવો જોઈએ.

**મિથુન રાશિ ક, છ, ઘ** આ રાશિના શિવભક્તો માટે શેરડીના રસથી અભિષેક કરવો ખૂબ જ ફાયદાકારક છે. તેથી, તેઓએ શ્રાવણ સોમવારે શેરડીના રસથી શિવ અભિષેક કરવો જોઈએ. આના દ્વારા તેઓ સંપત્તિ પણ મેળવશે.

**કર્ક રાશિ ડ, હ** ભગવાન શંકરના આશીર્વાદ મેળવવા માટે, કર્ક રાશિના લોકોએ શ્રાવણ મહિનાના દર સોમવારે ભગવાન શિવને ઘીથી અભિષેક કરવો જોઈએ.

**સિંહ રાશિ મ, ટ** ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે, આ રાશિના બધા લોકોએ પાણીના વાસણમાં લાલ ફૂલ, કાળા તલ, ગોળ અને મધ ભેળવીને ભગવાન શિવનો અભિષેક કરવો જોઈએ.

**કન્યા રાશિ પ, ઠ, ણ** જેમની રાશિ કન્યા છે, તેમને શ્રાવણના પહેલા સોમવારે શેરડીના રસમાં મધ ભેળવીને ભગવાન શિવનો અભિષેક કરવાથી સૌભાગ્ય પ્રાપ્ત થશે.

**તુલા રાશિ ર, ત** ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે, તુલા રાશિ હેઠળ જન્મેલા લોકોએ પાણીના વાસણમાં મધ, સુગંધ અને ચમેલીનું તેલ ભેળવીને ભગવાન શિવનો અભિષેક કરવો જોઈએ.

**વૃશ્ચિક રાશિ ન, ય** આ રાશિના લોકોએ શ્રાવણ સોમવારે ભગવાન શિવનો દૂધ, ઘી, દહીં, મધ વગેરેથી અભિષેક કરવો જોઈએ, જેથી તેમની પૂજાનો સંપૂર્ણ લાભ મેળવી શકાય.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** આ રાશિના પૂજનીય દેવતા ભગવાન શિવ છે. મકર રાશિના ભક્તો માટે, નાળિયેર પાણી સાથે અભિષેક ખૂબ જ શુભ માનવામાં આવે છે.

**મકર રાશિ ખ, જ** ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે, આ રાશિના બધા લોકોએ શ્રાવણ મહિનાના પહેલા સોમવારે પાણી અથવા દૂધમાં હળદર ભેળવીને ભગવાન શિવનો અભિષેક કરવો જોઈએ.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** આ રાશિના લોકોને ભગવાન શિવ પણ માનવામાં આવે છે. ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે, આ રાશિના ભક્તોએ ગંગા જળમાં સુગંધ, કાળા તલ અને મધ ભેળવીને ભગવાન શિવનો અભિષેક કરવો જોઈએ.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** મીન રાશિના લોકો માટે સૌથી ફાયદાકારક બાબત એ રહેશે કે શ્રાવણ સોમવારના દિવસે, તેમણે દૂધ અથવા પાણીમાં કેસર ભેળવીને ભગવાન શિવનો અભિષેક કરવો જોઈએ.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

## તંત્રી લેખ

**પવિત્ર શ્રાવણ માસ ની પ્રિય વાચક મિત્રોને ખુબ ખુબ શુભેચ્છાઓ**

**શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાનો અવસર**

આપણો હિન્દુ ધર્મ અનેક પવિત્ર તહેવારો અને ઉત્સવોથી શોભાયમાન છે, જેમાંથી શ્રાવણ માસ એક વિશેષ સ્થાન ધરાવે છે. કેનેડામાં વસતા આપણા ગુજરાતી ભાઈઓ અને બહેનો માટે, માદરે વતનથી દૂર હોવા છતાં, આવા પવિત્ર દિવસો આપણી સંસ્કૃતિ અને પરંપરા સાથે આપણને જોડી રાખે છે. 'ગરવી ગુજરાત' પરિવાર વતી, અમે આપ સૌને પવિત્ર શ્રાવણ માસના પ્રારંભ નિમિત્તે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

શ્રાવણ માસ, ભગવાન શિવને સમર્પિત છે. આખો મહિનો ભક્તો શિવલિંગ પર જળ, દૂધ અને બીલીપત્ર ચઢાવીને ભોળાનાથની આરાધના કરે છે. સોમવારનું વિશેષ મહત્વ હોય છે, જેને શ્રાવણીયા સોમવાર તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. ઉપવાસ, પૂજા-અર્ચના, શિવમહિમ્ન સ્તોત્રના પાઠ અને શિવ ચાલીસાનું પઠન કરી ભક્તો ભગવાન શિવના આશીર્વાદ પ્રાપ્ત કરે છે.

આ મહિનો માત્ર પૂજા-પાઠનો જ નહીં, પરંતુ પ્રકૃતિ સાથે જોડાવાનો પણ છે. ચોમાસાની મધ્યમાં આવતો શ્રાવણ માસ ચારે બાજુ હરિયાળી અને તાજગી લઈને આવે છે. આ વાતાવરણ ભક્તિ અને શાંતિ માટે વધુ અનુકૂળ બની રહે છે.

કેનેડામાં વસતા આપણા ગુજરાતી સમુદાય માટે, શ્રાવણ માસ સામુદાયિક ભાવનાને ઉજાગર કરવાનો પણ અવસર છે. અહીંના મંદિરો અને ધાર્મિક સંગઠનો દ્વારા આયોજિત થતા વિવિધ કાર્યક્રમો, કથા-વાર્તા અને ભજન-કીર્તન આપણને એકબીજાની નજીક લાવે છે. તે આપણી યુવા પેઢીને પણ આપણા મૂળિયાં અને સંસ્કારોથી પરિચિત કરાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

આ પવિત્ર માસમાં આપણે સૌ ભગવાન શિવને પ્રાર્થના કરીએ કે તેઓ આપણા સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય બક્ષે. પ્રત્યેક ગુજરાતી પરિવારના ઘરમાં ભક્તિમય વાતાવરણ છવાઈ રહે અને આપણા સંસ્કારોનું સિંચન થતું રહે તેવી અભ્યર્થના.

જય ભોલેનાથ!





**સૌ ભક્તોને ગરવી ગુજરાત ન્યુઝ પેપરના તંત્રીશ્રી સુગ્નેશ પટેલના ઓમ નમઃ શિવાય**

ગરવી I ❤ Gujarat ગુજરાત

garvigujarat2025@gmail.com

Dear Devotees,

We are delighted to invite you all to a 7-day Shiv Maha Puran Katha conducted by Swami Niranjana Nand Ji during the auspicious month of Shravan.

Join us for this divine journey filled with melodious music and soul-stirring Lord Shiva Bhajans, as we immerse ourselves in the glory and teachings of Lord Shiva.

Let's come together to seek his blessings, enhance our spiritual connection, and celebrate the divine presence during this holy month.

Your presence will surely add to the divine bliss. We look forward to welcoming everyone with love and devotion.


**Har Har Mahadev!**
**Bharat Mata Mandir**
**905-794-5530**




વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right
Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your
Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY
BROKERAGE

# ભારતીય સિનિયર પરિવારનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો









બ્રામ્પ્ટન તા. ૨૨/૦૭/૨૫ ભારતીય સિનિયર પરિવારનો અઠવાડિક સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨૨/૦૭/૨૦૨૫ મંગળવારના રોજ ભારત માતા મંદિર ખાતે આશરે ૧૨૫ સિનિયર ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડો ગુરુદત્ત વૈદે સ્વાગત પ્રવચન કરીને આગામી ટોરોન્ટો ઝૂના પ્રવાસની વિગતો આપી હતી. કાર્યક્રમ ગીત સંગીત, એરોબિક કસરત, ઉપયોગી માહિતીનું આદાન પ્રદાનથી અત્યંત રોમાંચક રહ્યો હતો. ડો હસમુખ મેરજા એ કેનેડા ડેના અનુસંધાને ૧૮૬૭ થી અત્યાર સુધીનો કેનેડાની સ્વાયતતા યાત્રાને આવરી લેતું પાવર પોઈન્ટ પ્રેઝનટેશન રજુ કર્યું હતું.

કેનેડા-ડે એ કેનેડા દેશની સ્થાપના અને સ્વતંત્રતા માટે રાષ્ટ્રીય દિવસ છે, તે ઉપલક્ષે જેફ લાલ તરફથી પરિવારને મળેલ શુભેક્ષા સંદેશ રજુ કર્યો હતો. આ દિવસે, કેનેડા તેના બંધારણ અધિનિયમ, (1 લી જુલાઈ 1867 ના રોજ પસાર થયેલ) હેઠળ સ્વતંત્ર અને આત્મવિશ્વાસ દેશ બન્યો.

આ અધિનિયમ દ્વારા ચાર પ્રાંતો (ઓન્ટારીયો, ક્યુબેક, નોવા સ્કોટીયા અને ન્યૂ બ્રેન્સવિક) ના સંયોજન દ્વારા એક સંગઠિતઅને સ્વશાશિત દેશ કેનેડા અસ્તિત્વ માં આવેલ. ડોમિનિઓન ડે નું કેનેડા ડેમાં રૂપાંતરિત (૧૯૮૨), કેનેડાના રાષ્ટ્રીય ગીત (૧૯૮૦) અને ધ્વજ (૧૯૬૫)નો સ્વીકાર, લોગોનો આવિષ્કાર (૨૦૨૪) વગેરે માહિતી ખુબ રસપ્રદ રહી હતી.

સાથે સાથે ૨૨ જુલાઈ ભારતીય તિરંગા ધ્વજનો પણ આવિષ્કાર દિન હોવાથી બધાએ કેનેડાનો ૧૫૦ મી અને તિરંગાની ૭૮ મી વર્ષગાંઠ ઉજવી હતી. તદુપરાંત ૭ જુલાઈના રોજ ચીંગુષી પાર્કમાં ઉજવેલ પિકનિકના ૨૦૦ ફોટાને એકત્રિત કરીને સુભાષ શર્મા એ બનાવેલ કોમ્પોઝિટ પિક્ચર પાવર પોઈન્ટમાં રજુ કર્યું હતું.

ડો મેરજાને ત્યાં પૌત્રી જન્મ પ્રસંગની ખુશાલીમાં બધાએ આઈસક્રીમની મજા માણી હતી. પરિવારના કાર્યક્રમમાં ભારતથી આવેલ અગ્રીકચર કોલેજના ડીન શ્રી મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રભાવિત થયા હતા. ત્યાર બાદ સ્વામી નિરંજનાનંદજીના સ્વમુખે શિવમહાપુરાણ કથા તથા મહાપ્રસાદનો લાભ લઈને બધા વિખરાયા હતા.

EDM Elite Digital Marketing LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

Let's Be popular

facebook Link

Chat

Let's Start!

Parth Patel
647 655 5029

Find on Google

# ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ (TFWP) ના ઓછા વેતન પ્રવાહ હેઠળ વર્ક પરમિટ મેળવી શકતા નથી તેવા વિદેશી નાગરિકો -નોકરીદાતાઓની યાદી અપડેટ

સરકારે એવા પ્રદેશોની યાદી અપડેટ કરી છે જેમાં વિદેશી નાગરિકો અને નોકરીદાતાઓ ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ (TFWP) ના ઓછા વેતન પ્રવાહ હેઠળ વર્ક પરમિટ મેળવી શકતા નથી અથવા લંબાવી શકતા નથી.




ફ્રેન્ચ બોલતા વિદેશી નાગરિકો કે જેમની પાસે ક્વિબેકની બહારના સમુદાયમાં રોજગારની ઓફર છે તેઓ પાયલોટ પ્રોગ્રામ દ્વારા કાયમી નિવાસ (PR) મેળવી શકે છે, જો તેઓ અન્ય માપદંડોને પૂર્ણ કરે.

કુલ 26 CMA સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. આ વર્ષના પાછલા ત્રિમાસિક ગાળા (4 એપ્રિલથી 10 જુલાઈ) થી વધારો છે જ્યારે 24 પ્રદેશો સૂચિબદ્ધ હતા.

આ પ્રદેશોમાં ઓછા વેતનવાળી LMIA અરજીઓ ESDC દ્વારા આગામી અપડેટ સુધી પ્રક્રિયા કરવામાં આવશે નહીં, જે 10 ઓક્ટોબર, 2025 ના રોજ અપેક્ષિત છે.

આ સૂચિ ટેમ્પરરી ફોરેન વર્કર (TFWP) ના ઓછા વેતન પ્રવાહ હેઠળ લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ (LMIA) માટે અરજી કરનારા કોઈપણ માટે સંબંધિત છે.

કારણ કે 2024 માં, ફેડરલ સરકારે જાહેરાત કરી હતી કે તે હવે 6% કે તેથી વધુ બેરોજગારી દર ધરાવતા CMA માં ઓછા વેતનવાળા LMIAs પર પ્રક્રિયા કરશે નહીં.

ત્યારથી, ESDC 6% કે તેથી વધુ બેરોજગારી દર ધરાવતા CMAS ની યાદી પ્રકાશિત કરી રહ્યું છે જે દર ત્રણ મહિને અપડેટ થાય છે.

નોકરીદાતાઓ TFWP હેઠળ વિદેશી કામદારને રાખી શકતા નથી, અને TFWP કાર્યકર LMIA વિના તેમની વર્ક પરમિટ રિન્યૂ કરી શકતા નથી. એ બી એન ઈમિગ્રેશન કેનેડા



# સ્ત્રીનું મૌન દુઃખ

## ઝોળાથી લઈ સમાધિ સુધી



લેખક- શ્રી રાહુલભાઈ નારંગ,
રિટાયર્ડ આર્મીમેન, ભોપાલ-મધ્યપ્રદેશ

જ્યાંથી બાળકી બોલતી શીખે છે, ત્યાંથી જ તેને ડર શીખવવામાં આવે છે. - બિછાનાની નીચેના ભૂતોથી નહિ, પણ પોતાના આસપાસ ફરતા, પરિવાર, મિત્ર કે પાડોશી જેવી ઓળખ ધરાવતા પુરુષોથી. જ્યારે તેના જીવનમાં ખેલવાડ અને સપનાઓ હોવા જોઈએ ત્યારે તેની માતા તેને શાંતિથી બેસાડી “સારા સ્પર્શ” અને “ખરાબ સ્પર્શ” સમજાવે છે - તે પણ આંખોમાં પ્રેમ સાથે ભય છુપાવીને.

પણ ત્રણ વર્ષની બાળકી કેવી રીતે સમજશે કે મામા આવે ત્યારે ઘરમાં અચાનક તંગદિલી કેમ છવાઈ જાય છે? તેની માતા કેમ વધુ સતર્ક બની જાય છે? તે હજુ ફૂટી પણ નથી અને તેનું નિર્દોષપણું તોડી નાખવામાં આવે છે - એ ભાર છે, જે સમાજે તેના ખભા પર મુકી દીધો છે, જ્યાં પુરુષોને તેમનું પાવર અને લિંગના આધારે સત્તાનો દુરુપયોગ કરવાની છૂટ છે.

જેમ જેમ તે મોટી થાય છે તેમ તેમ તેનું જગત વિસ્તરે છે - શાળા, રસ્તાઓ, બસો, ટ્રેનો - પણ ભય તો તેના સાથે જ રહે છે. ખભા સાથે અણછાજત સ્પર્શ, વર્ગમાં છોકરાઓની ગંદી ટિપ્પણીઓ, ઝેરભરી હાસ્ય - આ બધું તેનો દૈનિક અનુભવ બની જાય છે. ભીડભરી જગ્યાઓમાં પણ જ્યાં સુરક્ષા હોવી જોઈએ ત્યાં પણ તે શિકાર બને છે - કારણ કે કેટલીક નજરો અને હાથે તેને સ્ત્રી નહિ, માત્ર શરીર ગણે છે.

પછી આવે કિશોરાવસ્થા. માસિકના આરંભથી તેની જીંદગીનો નવો અધ્યાય શરૂ થાય છે - દુઃખ, ગૂંચવણ અને શરમથી ભરેલો. દર મહિને થતો દુઃખદાયક દિનચર્યાઓ અને મૂડ સ્વિંગ તો માત્ર શરુઆત છે. સાથે છોકરીઓની તકલીફ પર છોકરાઓની ઠઠ્ઠા, પુખ્ત પુરુષો તરફથી ઉલ્લેખો - આ બધું તેને અંદરથી ખોખલી કરી નાખે છે. તેની પીડા માત્ર શારીરિક નથી - તે તો સામાજિક, માનસિક અને ભાવનાત્મક છે.

જ્યાં લગ્નને એક સપનાના સમાપન તરીકે idealize કરવામાં આવે છે, ત્યાં હકીકત ઘણા વખતએ એક સોદો બની રહે છે. દહેજ - એક જૂની પણ હજુ જીવતી પરંપરા - આજે પણ ઘણી બારી પાછળ જીવંત છે. કેટલીક સ્ત્રીઓ પૈસાથી ચુકે છે, કેટલીક પોતાના જીવનથી - બળત્કાર, ગળાઘોટી, ઝેરી ખવડાવી, ભૂલી જવાય છે. જે સ્ત્રીઓ સાથે બળાત્કાર થાય છે, તેમના માટે ન્યાય એક લાંબી અને ક્રૂર યાત્રા હોય છે - જો મળે તો! કોર્ટરૂમ પણ એક અન્ય યુદ્ધભૂમિ બની જાય છે જ્યાં તેનો વ્યાકરણ થાય છે, તેની ખામોશીનો મજાક બનાવાય છે.

પ્રસૂતિ - જીવન સર્જનનો પવિત્ર તબક્કો પણ - તેના માટે અલગ પીડાઓ લઈને આવે છે. માતૃત્વનો આનંદ ઘણીવાર એકલતા, ડર અને અવગણનાથી ઘેરાય છે. જે પોતાના હોવા જોઈએ તે લોકો - પતિ કે પરિવાર - ઘણીવાર દૂર થઈ જાય છે. છતાંયે એ સ્ત્રી બધું સહન કરે છે. જીવન લાવે છે ત્યારે પણ દુનિયા તેનો ભાર હળવો કરતી નથી.

કઠોર સત્ય એ છે કે પ્રાચીનકાળથી આજ સુધી સ્ત્રીઓને માલ, મજા કે નફા રૂપે જ જોવામાં આવી છે. ડાન્સ બાર, વેશ્યાવૃત્તિ કેન્દ્રો અને માનવતસ્કરી આજે પણ જીવંત છે - ભૂતકાળની નથી, અતીતની છાયામાં નહિ પણ આજની date પર. આ બધું પુરુષોના લાલચથી ચાલે છે અને સમાજના મૌન સહમતિથી ટકી રહે છે.


અને તેથી જ આપણે પૂછીએ - હે ઈશ્વર! કેમ આ રીતે રચના કરી? શા માટે સ્ત્રી હોવું સતત પીડાનું કારણ બન્યું? શું આ દૈવી શાપ છે કે માનવીય નિષ્ફળતા?

શાયદ સવાલ એ નથી કે ઈશ્વરે શું ખોટું કર્યું - પણ એ છે કે મનુષ્યે શું સાચું કરવાનું ઈનકાર કર્યું.

આ પરિવર્તન અશક્ય નથી. જેમ પુરુષો દુઃખ આપી શકે છે, તેમ તેઓ સાજા પણ કરી શકે છે. આપણે એવું સંશોધન કરી શકીએ છીએ કે જે સ્ત્રીઓને માસિક કે પ્રસૂતિ દરમિયાન તકલીફ ઓછી કરે. એવું કાયદાકીય અને સામાજિક માળખું ઊભું કરી શકીએ છીએ કે જે તેમને રક્ષણ આપે અને શોષણ કરનારાને દંડ આપે. આપણે બાળકોને માત્ર તાકાતવાન નહીં, સંવેદનશીલ પણ બનાવી શકીએ છીએ.

જો ઈશ્વર દયાળુ છે - તો ચાલો આપણે અમારી ક્રિયાઓથી તેનું પ્રતિબિંબ બતાવીએ. સ્ત્રીઓને તેમના માન માટે ફરીથી વિનંતી કરવી ન પડે એ જોવાં. હવે સમય આવ્યો છે કે જ્યાં સ્ત્રીઓની વાર્તા મૌન પીડાની નહિ - પણ બળ, સમાનતા અને માનસ્નેહની બને. ઓમ સાઈ રામ




ROYAL LePAGE
Flower City Realty
BROKERAGE, INDEPENDENTLY OWNED & OPERATED
REAL ESTATE
MANISH PATEL
HELPING YOU IS WHAT WE DO
Specialized in Pre-Construction & Assignment Sales
SALES REPRESENTATIVE
Cell : 416 - 992 - 0214
Email : realtormanishg@gmail.com
www.FlowerCityRealty.com
BRAMPTON 10 Cottrelle Blvd, Suite 302, L6S 0E2
MISSISAUGA 30 Topglight Dr. Suite 12, L5S 0A8

# શેતાનની સફળ ઘૂસણખોરી (આજની વાસ્તવિકતા)



લેખક - શ્રી કિરીટભાઈ પટેલ - કેનેડા

એક વખત શેતાને મિટિંગ બોલાવી !

માણસોમાં વધી રહેલી ભગવાનને પામવાની ભૂખ અંગે એણે પોતાનાં સાગરીતો સમક્ષ ચિંતા વ્યક્ત કરી.

માણસોને ભગવાનના રસ્તે જતા રોકવા માટે શું શું કરી શકાય એની ખૂબ ચર્ચા વિચારણા કર્યા પછી થોડાંક મુદ્દાઓ નક્કી કર્યા.

પોતાનાં દરેક સાગરીતને ત્યાર બાદ તરત જ દુનિયાનાં ખૂણે ખૂણે જઈને કામે લાગી જવાનું એણે ફરમાન કરી દીધું.

શેતાન અને એનાં સાગરીતોએ નક્કી કરેલા કેટલાક મુદ્દાઓ હતાં.....

(1) માણસને વ્યસ્ત, અતિવ્યસ્ત (busy) બનાવી દો અને હા, સાવ ફાલતું નકામી ચીજ વસ્તુઓમાં જ એને વ્યસ્ત બનાવવો કે જેથી પરમાર્થ (જીવનવિકાસ) માટે સમય જ ન મળે.

(2) એને ખૂબજ બિનજરૂરી ખર્ચાઓ કરવાં પ્રેરો. કામની કે નકામી ચીજ વસ્તુઓ ખરીદી ખરીદીને એને ઘર ભરવા દ્યો !

(3) બેહદ અને ગજા બહારનાં ખર્ચાઓને પહોંચી વળવા માટે એને વ્યાજે નાણાં લેવા પડે અને બેંક લોનો લેવી પડે તેવું કરો.

અઠવાડિયે એક વખત આંટો મારવા નીકળતો હોય તો પણ એની પાસે મોંઘીદાટ મોટર કાર અને બાઈક ખરીદાવો.

એનું બાકીનું જીવન આમ જ ખોટા ખર્ચાઓ કરવામાં, લોનોના હપ્તા અને ચક્રવૃદ્ધિ વ્યાજ ભરવામાં પસાર થવું જોઈએ !

(4) એમનાં બાળકોને ખૂબ ખર્ચાવાળી શાળાઓમાં દાખલ કરવા પ્રેરો. તેમને બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી કરવાની આદત પાડો.

દરેક વિષયના ટ્યૂશન માટે મોંઘીદાટ ફી પડાવતા ક્લાસીસમાં ભરતી થવાનો એમનાં બાળકો આગ્રહ રાખે તેવું કરો.

(5) આ ખર્ચાઓને પ્હોંચી વળવા એ માણસને લાંચ રૂશ્વત લેતો અને ભ્રષ્ટાચાર કરતો કરી દ્યો.

બાળકોની માતાઓને પણ કમાવા જવું પડે તેવી કૃત્રિમ આર્થિક તંગી ઘરમાં ઊભી કરો.

દિવસનો મોટા ભાગનો સમય મા-બાપ ઘરની બહાર જ રહે તેવું કરો, જેથી સંસ્કાર સિંચન જેવી કોઈ પ્રક્રિયા ઘરમાં થઈ શકે જ નહીં !

(6) સૌને સ્વાર્થ કેન્દ્રિત બનાવી દો. સૌ પોતપોતાનું સંભાળીને, સાચવીને બેસી રહે, બીજા કોઈની ચિંતા ના કરે ; સ્વાર્થનું ઝેર ભરીને એકતા સંપ અને પ્રેમથી ચાલતા કુટુંબો ભાંગી નાખો, સૌને અલગ પાડી દો.

(7) ટેલિવિઝન, વીડિયો, ટેપ, ફિલ્મો, મલ્ટિપ્લેક્સ થિયેટર્સ, મોબાઈલ, બ્યુટી પાર્લર વિ. એમનાં મગજમાં એવાં ભેરવી દો કે એનાં વગર એને ચાલે જ નહીં.

દેશી-વિદેશી સંગીત કે ગીતોના ઘોંઘાટથી એના ઘરનાં તેમજ આસપાસનાં વાતાવરણને એવું ભરી દ્યો કે શાંત ચિત્તમાં ઉઠતાં આત્માનાં નાજુક અવાજને એ પારખી શકે જ નહીં. એની શાંતિને વિક્ષુબ્ધ બનાવી દો.

(8) કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનું અજાયબ વળગણ ઊભું કરો. ઈ-મેઈલ, વૉઈસ-મેઈલ, સોશ્યલ મીડિયા અને ચેટિંગનું એને બંધાણ કરાવી દો.

રોજબરોજનાં કિંમતી સમયમાંથી કલાકોના કલાકો એ ચેટિંગમાં કે ઈન્ટરનેટ સર્ફિંગ આદિમાં વેડફી નાખે એવી રચનાં કરી દેવી.

(9) ટેલિવિઝનમાં એને ભ્રમિત કરી નાખે તેવાં કાર્યક્રમો બનાવડાવો અને બતાવો. આડાઅવળા સંબંધોની વિચિત્રતા પૂર્ણ માયાજાળ વાળી અને ભપકાઓથી ભરપૂર ઝાકમઝોળ વાળી સિરિયલો શરૂ કરાવો. ઉચ્ચ, સજ્જન સંસ્કારી સંબંધોની હસ્તીનો છેદ જ ઊડી જાય તેવું જ ટેલિવિઝન ઈત્યાદિના માધ્યમથી પીરસો. એક-એક ઘરને એનાથી આંજી પ્રભાવિત કરી નાખો.

(10) ચોવીસ કલાક આડા-અવળા, કામના-નકામા તેમજ ઢંગધડા વિનાનાં સાચા-ખોટા સમાચારો આપતી અને ગેરમાર્ગે દોરતી વિવિધ ચૅનલો રચો.

પક્ષપાતોથી રાચતા સમાચારોના ઢગલાં દરેક વ્યક્તિનાં ટેબલ પર કરી દો.

(11) ધાર્મિક મંડળો, વાડાઓ, સંપ્રદાયો તેમજ વિવિધ ધર્મોને અંદરો-અંદર અકારણ ઝઘડાવો. બધા કદી એક ન થાય તેવો ભ્રમ ઊભો કરી દો.

પોતે તેમજ પોતાનો ધર્મ, પોતાનો પંથ કે સંપ્રદાય જ મોટો (superior), બીજાથી ઊંચો તેમજ બીજા બધા હલકા (inferior), નીચા તેવા મિથ્યા અને ભ્રામક વિચારોથી એમના મન - મગજને બરાબર પ્રદૂષિત (polluted) કરી દો.

એ બધું એ હદે કરી નાખો કે ધર્મ અધ્યાત્મની નિર્મળ શાંતિ, નિસ્વાર્થ પ્રેમ કે સમાનતાના ભાવનો એમને કદી વિચાર સુદ્ધાં ન આવી શકે કે કોઇ સાચી વસ્તુ સમજી જ ન શકે.

(12) લૉટરી, જુગાર, મટકા, સટ્ટો, શૅરબજાર, રમતગમત વગેરેની માયાજાળમાં ફસાઈને એ શાના માટે આ બધું કરી રહ્યો છે, એ પણ ભૂલી જાય એવું કરી નાખો.

(13) ટૂંકમાં, પોતાની અંદરનો ખાલીપો એને જરાય ન દેખાય એવી ભ્રમજાળ રચી દો, જેથી એને પોતે સાચી રીતે અને સારા કારણ માટે સારું જ જીવી રહ્યો છે એવું હંમેશાં લાગ્યાં કરે , એવો ભ્રમ રહે. જીવનની સાચી દિશા જ એને મળે નહિ, મળે તો સમજે નહિ અને સમજે તો સ્વીકારે નહિ.

ભગવાનની, સાચા ધર્મની, આધ્યાત્મિકતાની કે આત્મ-તત્વની ઓળખની એને જરાય પણ જરૂરિયાત જ ન લાગે !

આવાં તો કેટલાય મુદ્દાઓની યાદી બરાબર પાકી કરીને શેતાનના સાગરીતો દુનિયાને ખૂણેખૂણે પહોંચીને કામે લાગી ગયાં અને સૃષ્ટિના પ્રત્યેક માણસના જીવનમાં શેતાન ઘૂસી ગયો. આખું વાતાવરણ પ્રદૂષિત કરી નાખ્યું.

ભગવાને સૃષ્ટિ તરફ દૃષ્ટિ કરી. એમની આંખમાં આંસુ આવી ગયાં, એમનું હૈયું દ્રવી ગયું, કારણ કે શેતાન અને એનાં સાગરીતો મહદ્ અંશે સફળ થઈ ચૂક્યા હતા.

આ વાસ્તવિક ચિત્ર સૌના ધ્યાનમાં આવવું જોઈએ. આપણે ક્યાં છીએ ? ક્યાં કંઈ દિશામાં પહોંચી ગયા છીએ ?

સાચું આત્મનિરીક્ષણ કરીએ અને વસ્તુ સ્થિતિ સમજાય તો જીવનને યોગ્ય દિશામાં વાળવા સતત વેળાસર પ્રયત્નશીલ રહીએ. આવનાર અધિક માસમાં...

શિવ પાસેથી જીવનનું કલ્યાણ

રામ પાસેથી જીવનની મર્યાદા

કૃષ્ણ પાસેથી ગીતાજ્ઞાન

મા જગદંબા પાસે આસુરી વૃત્તિના સંહાર માટે શક્તિ

હનુમાન અને અર્જુન પાસેથી પ્રભુકાર્યની પ્રેરણા

ગુરુદત્ત પાસેથી જ્ઞાન ભક્તિ અને કર્મનો સમન્વય મેળવીએ.


Let us all awake ourselves and move forward with firm Determination in Right Direction on Right Path.

तस्मात् स्वाध्याय ....

સમજાય તેને સપ્રેમ વંદન !

(Dedicated to Our Modern Intelligent Educated Society)


Ankur Shah
REAL ESTATE BROKER
647.866.4400
www.realtorankur.com
RealtorAnkur@gmail.com


Physiotherapy • Osteopath
Massage Therapy
Acupuncture • Orthotics
Chiropractor • Chiropody
Compression Stocking
✓ MVA ✓ WSIB
Tel: 416-551-8466 I Fax: 416-551-9964
albionfinchphysio@gmail.com
1620 Albion Rd., Unit 305, Etobicoke, ON M9V 4B4
albion finch
PHYSIO & REHAB

# ઈશ્વર સુધી પહોંચવાનો સૌથી સરળ માર્ગ એટલે પ્રાર્થના

લેખક- નિર્મળાબેન દરજી
કેનેડા

જેમ શરીરને સ્વસ્થ રાખવા માટે સાત્વિક ખોરાકની જરૂર પડે છે તેમ આપણા આત્મા, હૃદય મનને સ્વસ્થ અને નિર્મળ રાખવા માટે પ્રાર્થના જરૂરી છે.

ઈશ્વરે આપણને મનુષ્યદેહ આપીને આપણા પર ખુબ મટો ઉપકાર કર્યો છે. તેને જ આપણને હવા, પાણી અને પ્રકાશ પૂરા પાડ્યા છે. એવા હજાર હાથવાળા પ્રભુના ઉપકારનો બદલો વાળવા માટે આપણે બે હાથવાળા માનવી સમર્થ નથી. તેથી આપણે સૌ ઈશ્વરની સ્તુતિ, મંત્રો, પ્રાર્થના કરીને તેનો આભાર માનીએ છીએ.

દરેક ધર્મમાં પ્રાર્થનાના જુદા જુદા સ્વરૂપ જોવા મળે છે. અને તે છે સર્વ શક્તિમાન ઈશ્વર પાસે યાચનાઓ કરવાનું પ્રાર્થના ક્યારે પણ અને કોઈ પણ સ્થળે કરી શકાય છે. નિયમિત રીતે પ્રાર્થના કરવાથી મનુષ્યમાં એ વિશ્વાસ વિકસિત થાય છે કે સર્વશક્તિમાન ઈશ્વર હંમેશા તેની સાથે છે.

સામાન્ય શબ્દોમાં પ્રાર્થના એટલે આજીજી કરવી. અથવા વિનંતી કરવી દરેક મનુષ્ય ઈશ્વર પાસે કંઈક માગણી કરે છે. ભૌતિક કે અધ્યાત્મિક સુખ મેળવવા માટે આજીજી કરે છે અને એટલા માટે પ્રાર્થનાને ઈશ્વર પાસેથી સુખને પામવા માટેની આંતરિક હિંમત માંગવા તરીકે વર્ણવી શકાય છે. ભારતીય તત્વજ્ઞાનીઓ સ્વપ્રત્યક્ષકરણ માટે ત્રણ માર્ગો જણાવે છે. જેમાં પહેલો છે જ્ઞાનનો માર્ગ, બીજો છે કર્મ એટલે કે કાર્યનો માર્ગ અને ત્રીજો છે ભક્તિનો માર્ગ.

એ ત્રીજો માર્ગ છે. જે ભક્તિનો માર્ગ છે કે જે એક મનુષ્યને પોતાનો અહમ, ઘમંડ અને અભિમાનને નાબુદ કરીને સર્વ-શક્તિમાન ઈશ્વરની આધિનતામાં ગરકાવ થઈ જવા માટે માર્ગદર્શન આપે છે. અને એટલા માટે ભક્તિ એ પ્રાર્થનાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે.

પ્રાર્થના યોગ્ય રીતે, સાચા મનોભાવ સાથે અને સ્વ-અધિનતા સહિત ઈશ્વરના સ્મરણ થી તેની ક્ષમા યાચના માટે કરવામાં આવે તો તેની અસર કાયમી રહે છે. એકાગ્રતા અને એક મનથી કરેલ પ્રાર્થના પૂરી થઈ ગયા પછી પણ પ્રાર્થનાનું મન ઈશ્વરના સ્મરણથી અને આશાઓથી ભરેલું હોય છે. જે મનુષ્યને પાપો અને અનિષ્ટ કાર્યોથી વંચિત રાખે છે. આમ પ્રાર્થના મનુષ્ય માટે એક પ્રકારની શુદ્ધિકરણની પ્રક્રિયા છે.

ઘણીવાર મનુષ્ય પોતાના માટે પોતાના સ્વજનો માટે અને સ્નેહીજનો માટે પ્રાર્થના કરે છે.

ઘણી વાર મનગમતું કંઈક મેળવવા માટે કે મનની કોઈક ઈચ્છાપૂર્ણ કરવા માટે પ્રાર્થના કરે છે. પરંતુ કેટલીકવાર મનુષ્ય સારી પરિસ્થિતિમાં, સુખમાં ઈશ્વરને યાદ કરે છે? અથવા તો ઈશ્વરની પ્રાર્થના ત્યારે જ કરે છે જ્યારે જરૂર હોય અથવા કોઈ મુશ્કેલીમાં સપડાઈ ગયા હોય? આપણે એ યાદ રાખવું જોઈએ કે આ અપાર કૃપાઓ બદલ ઈશ્વરનો આભાર વ્યક્ત કરવો જોઈએ.

પ્રાર્થના કરવા માટે વ્યક્તિનું મંદિરમાં હોવું જરૂરી નથી. પણ વ્યક્તિના મનમાં ઈશ્વરનું હોવું જરૂરી છે.

પ્રાર્થનાથી મનુષ્યને દુઃખનો સામનો કરવાનું બળ મળે છે. પ્રાર્થના કરવાથી મનુષ્ય નમ્ર બને છે. પ્રાર્થના કરવાથી આપણે આપણા દોષો શોધી શકીએ છીએ.

ઘણા ભક્તો, સંતોના જીવનમાં પ્રાર્થના થકી અદભુત ચમત્કારો સર્જાયા છે. ભક્ત સાચા હૃદયથી ભગવાનને પોકારે ત્યારે તેણે ભક્તની સહાય કરવા દોડતા આવવું જ પડે છે. આપણે જાણીએ છીએ કે દ્રૌપતીની પ્રાર્થના સાંભળીને ભગવાન શ્રી કૃષ્ણ તેને નવસો નવ્વાણું ચીર પૂરાં પાડ્યા હતાં. સતી સાવિત્રીએ પ્રાર્થનાના બળે પોતાના પતિને જીવતદાન અપાવ્યું હતું. ભગવાને પ્રત્યક્ષ હાજર થઈને નરસિંહ મહેતાના અનેક કામો પાર પાડ્યા હતા.

અત્યારના તણાવવાળા જીવનમાં પ્રાર્થના ખુબ જ મહત્વની છે. તેનાથી આપણામાં સકારાત્મક્તા વધે છે. માનસિક તણાવ ઓછો થાય છે. આપણામાંથી ક્રોધ, અસ્થિર મન અને નકારાત્મકતાવાળા વિચારો પર વિજય મેળવી શકાય છે. પ્રાર્થના કરવાથી ઈશ્વર પરનો વિશ્વાસ દ્રઢ બને છે. પ્રાર્થના કરવાથી આપણું મન સ્થિર અને એકાગ્ર બને છે. પ્રાર્થના કરવાથી વ્યક્તિમાં નિયમિતતા, વિનમ્રતા, ધીરજ, પ્રેમ જેવા ગુણોનો વિકાસ થાય છે. પ્રાર્થના એ વ્યક્તિને પડકારોને દૂર કરવાની શક્તિ આપે છે.

પ્રાર્થના અહંશૂન્ય થઈને કરવી જોઈએ. તો જ ઈશ્વર આપણી પ્રાર્થના સાંભળે છે. આદ્ર સ્વરે, ભાવથી પ્રાર્થના કરવી જોઈએ.

પ્રાર્થના શુદ્ધિ આધ્યાત્મિક પ્રવાહનું નિર્માણ કરે છે. અને મનની શાંતિ સર્જે છે. નિયમિત પ્રાર્થના કરવાથી જીવનમાં પરિવર્તન આવે છે. સવારે ચા, કોફી પીધા પછી તેની ખુમારી આખો દિવસ ટકે છે. તેમ સવારમાં પ્રાર્થના કરનારનો આખો દિવસ ખુબ જ આનંદમય રીતે પસાર થાય છે.

પ્રાર્થના એ પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચેનો સેતું છે. પ્રાર્થના એટલે ઈશ્વરના ગુણોનું સ્મરણ કરવું. પ્રાર્થના એટલે ઈશ્વરના ગણોનું સ્મરણ કરવું. પ્રાર્થના સંકટોથી બચવા નહીં, પરંતુ સંકટોનો સામનો નિર્ભયતાથી કરી શકાય માટે જરૂરી છે. માગણી, ઈચ્છ પ્રદર્શન કે ફરિયાદ વિના ફક્ત નિઃસ્વાર્થભાવે હરપળ કરાતી સ્તુતિ એટલે પ્રાર્થના અને છેલ્લે


મારા આયુષ્યના પ્રત્યેક પડાવ પર મારા

જીવનના દરેક સારા ખરાબ સંજોગોમાં

મારા પ્રત્યેક પગલે અને દરેક ધબકારે

તુ મારી સાથે જ રહે એવી હે ઈશ્વર આપને મારી પ્રાર્થના.

- જય શ્રી કૃષ્ણ







HOMELIFE
HIGHER STANDARDS

HomeLife/Miracle Realty Ltd.

Brokerage, Independently
Owned & Operated

SANJU PATEL
Broker

DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR
MLS MULTIPLE LISTING SERVICE

Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com




# પાયરા વાસ્તુ પ્રમાણે શિક્ષણ અને સંસ્કાર

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી-કેનેડા






**સર્વે વાચકોને શ્રાવણ માસની શુભેચ્છાઓ**

આપણા જીવનને સરળ અને યોગ્ય બનાવવા માટે અને બીજાને મદદરૂપ થવા માટે જીવનમાં શિક્ષણ અને સંસ્કાર ખૂબ જ જરૂરી છે અહીં પાયાની વાત કરીએ તો આપણા બાળકો ને યોગ્ય અભ્યાસ કરાવવો જરૂરી છે પરંતુ સાથે સાથે સંસ્કાર પણ એટલા જ જરૂરી છે જે બાળક પાસે સંસ્કાર અને શિક્ષણ સહપ્રમાણમાં હશે તે બાળક યોગ્ય ઉંમરે દુનિયાના કોઈપણ ખૂણામાં તેનો પ્રભાવ અવશ્ય બતાવી શકશે માટે શરૂઆત અભ્યાસથી થવી જોઈએ તો તમારા બાળકનો અભ્યાસરૂમ એટલે કે સ્ટડીરૂમ પૂર્વમાં હોવો જોઈએ અને બાળક એ પૂર્વ કે ઉત્તરમાં મોર આપનો અભ્યાસ કરવો જોઈએ સ્ટડી ટેબલ દક્ષિણ કે પશ્ચિમમાં મુકવા જોઈએ જો ઘરમાં પુસ્તકાલય હોય તો મકાનની નૈઋત્ય તરફ રાખવું જોઈએ રૂમમાં




પીળી લાઈટ રાખવી જોઈએ અને તમારું અભ્યાસનું ટેબલ ચોરસ અથવા લંબચોરસ હોવું જોઈએ.

સનાતન ધર્મ પ્રમાણે અભ્યાસ રૂમમાં વિદ્યાની દેવી સરસ્વતી તથા ગણેશજીની તસવીર હોવી જોઈએ જો રૂમમાં બારીની સગવડ કરવી હોય તો પૂર્વ ની બારી મોટી અને પશ્ચિમની બારી નાની રાખવી જોઈએ. અભ્યાસ રૂમમાં મધ્ય ભાગ ખાલી હોવો હિતાવહ છે તથા સ્વચ્છ હોવો જોઈએ અભ્યાસનું ટેબલ ક્યારેય દીવાલ સાથે જોડાયેલું ન રાખો, કારણકે આમ કરવાથી હકારાત્મક ઊર્જાના પ્રવાહને અવરોધે છે સાથે અભ્યાસ દરમિયાન બાળકોને પિરામિડ કેપ ધારણ કરવાથી મેમરી પાવર વધે છે.

બજારમાં આ માટે જીતેન ભટ્ટ અને ડોક્ટર ધારા ભટ્ટના પાયરા વાસ્તુના પિરામિડ અવેલેબલ છે તો તમારા બાળકો અને ઘરમાં વાસ્તુ પ્રમાણે ગોઠવણ કરી અભ્યાસ રૂમ સજાવી તમારા ઈષ્ટદેવને પ્રાર્થના સાથે કરવાથી ઘણું સારું પરિણામ પ્રાપ્ત કરી શકાય છે.

ખાસ નોંધઃ શિક્ષણ ખર્ચાળ હોવાથી તેના માટે પૈસાની જરૂરિયાત પી થાય છે પરંતુ સંસ્કાર માટે પૈસાની ખાસ જરૂર નથી તો તમારા બાળકને સંસ્કાર અવશ્ય આપશો.

## માણસાઈ

માણસાઈનું એક જ પગથિયું ચડી જાવ,
ડુંગર ચડવાની માનતા નહીં રાખવી પડે.
આંસુ આપણાં લીધે ન આવે,
પણ આપણાં માટે આવે.!
માણસ કપડાંથી નહીં વર્તનથી શોભે,
તમારી ઈમાનદારી તમને તાકાત આપે.
સફળતા તો ષડયંત્રથી મળે,
શ્રેષ્ઠતા ગુણોથી જ મળે.!
શ્રદ્ધા જ્ઞાન આપે નમ્રતા માન આપે,
બુદ્ધિ શાન આપે યોગ્યતા સ્થાન આપે.
જ્યાં હું ત્યાં વિવાદ,
જ્યાં અમે ત્યાં સંવાદ.!
નીતિમત્તા સાચી હશે તો કામ અટકશે નહીં,
ઈમાનદારીનો હિસાબ થાય, ધનનો નહીં.!
સ્વાભિમાન કદી મરતું નથી,
અભિમાન લાંબુ જીવતું નથી.!
સાચવવા જેવી ચીજ મનની મીઠાશ,
ભૂલવા જેવી ચીજ સંબંધની કડવાશ.
ઘર મોટું હોય ભેગું ન રહેવાય,
મન મોટું હોય તો ભેગું રહેવાય.!
સ્વર્ગ મેળવવા જરૂર નથી મરવાની,
ભાવના હોય એકબીજાને મદદ કરવાની.
જેનું મન સાચું હોય,
એનું દરેક કામ સારું હોય.!
સૂર્યને ફરતાં બાર કલાક લાગે,
માણસને ફરતાં એક સેકન્ડ લાગે.
સાગરના મોતી શોધવા સહેલા,
માણસના મન સમજવા અઘરા.!
જિંદગી જે શીખવે શીખી લેવાય,
કયો પાઠ ક્યારે કામ લાગી જાય.
'પ્રેમ' હેતુ જ્યાં સ્પષ્ટ હોય,
સેતું આપોઆપ બંધાય.!

લેખક - શ્રી પાર્થ સાવલિયા-કેનેડા

## શ્રાવણ મહિનામાં શિવ આરાધનાનો અનેરો મહિમા



"શ્રાવણ "શબ્દ કાને પડતાં જ ત્રિવેણી સંગમની ઝાંખી નજર સમક્ષ તરવરી ઉઠે છે. શ્રાવણ મહિનો એટલે શિવ, સરિતા અને લોકસંસ્કૃતિ ને ઉજાગર કરતો પવિત્ર માસ.

આજે પ્રૌઢ વયમાં પહોંચ્યો છું ત્યારે મારા બચપણની અતીત (ભૂતકાળ)ની મધુર સ્મૃતિમાં સરી પડું છું. અમે સવારે વહેલા ઊઠીને મારી ગૌરી બા અને ભાઈ બહેન સાથે પાટણમાં સરસ્વતી નદીને કિનારે આવેલાં હરિહર મહાદેવના દર્શન કરીને બ્રહ્મકુંડમાં શેષશાયી લક્ષ્મી નારાયણ તેમજ જાળેશ્વર મહાદેવની ભક્તિ કરીને મન ભરીને મેળાને માણતા.

શિવ સ્તુતિમાં કહ્યું છે કે
"સત સૃષ્ટિ તાંડવ રચિયતા
નટરાજ રાજ નમો નમઃ"
હે આદ્યગુરુ શંકર પિતા
નટરાજ રાજ નમો નમઃ.

ભગવાન શિવને વેદ પુરાણમાં આદ્યગુરુ કહ્યા છે તે વિશે વિસ્તૃત જ્ઞાન મેળવીએ.

એક સમયે બ્રહ્માંડમાં બ્રહ્મા અને વિષ્ણુએ ૐ કાર થી વિભુષિત સ્વયંભૂ પ્રગટેલો પાંચ કળા વાળો, આડત્રીસ અક્ષરો થી સજ્જિત મંત્ર નિહાળ્યો. એ તદપશ્ચાત રૂદ્ર ગાયત્રીમંત્ર જોયો. તેઓએ નિહાળેલ રોમાંચક કોતુહલ કશિવ સમક્ષ રજૂઆત કરી. દેવાધિદેવ મહાદેવે આ બન્ને પાસે મૃત્યુંજય મંત્ર, પંચાક્ષર મંત્ર, ચિંતામણી મંત્ર, દક્ષિણાર્મિત મંત્રનું રહસ્ય પ્રગટ કરીને વેદોનું અમૂલ્ય જ્ઞાન પ્રદાન કર્યું. આમ શ્રી હરિ વિષ્ણુએ વિશ્વકર્મા પાસે અલૌકિક શિવલિંગનું નિર્માણ કરાવીને શિવને આદ્યગુરુ તરીકે સ્થાપ્યા.

આમ શ્રાવણ માસમાં "શ્રવણ નક્ષત્ર યુક્ત પૂર્ણિમા" આવતી હોવાથી આ માસને "શ્રાવણ માસ " તરીકે પણ ઓળખવામાં આવે છે. માત્ર શ્રાવણ માસમાં જ શિવની આરાધના કેમ થાય છે તેનું ગૂઢ રહસ્ય શાસ્ત્રોમાં જોઈએ. એક વેળા સમુદ્રમંથન વેળાએ નીકળેલા હળાહળ વિષને ભગવાન શિવજીએ લોક કલ્યાણ અર્થે કંઠમાં ધારણ કરી દીધું. આ વિષ પાનને લીધે તેઓનું નામ "નીલકંઠ" તરીકે જગ પ્રસિદ્ધ થયું.. હળાહળ વિષની અસરને લીધે તેમને દાહ(ગરમી) થયો.

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
DOMINION LENDING CENTRES

# Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more



CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707

# દાનેશ્વરી સાંઈ

લેખક - શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

આશરે એકાદ સૈકા પૂર્વે મહારાષ્ટ્રના અનેક જીલ્લાઓની સ્થિતિ ઘણી વિકટ બની હતી. એમાં અહમદનગર જીલ્લાનો પણ સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના અન્ય જીલ્લાઓની સરખામણીએ અહમદનગર જીલ્લો બધી જ રીતે અલ્પવિકસિત હતો. લોકોની મજબૂરીનો લાભ લઈ તેઓને ખ્રિસ્તી ધર્મની દીક્ષા અપાવવાનું કાર્ય ચાલુ થયું હતું. આવા કપરા સમયે પંદર - સોળ વર્ષની વયે સાઈબાબા શિરડી આવ્યા અને લોકોના પથદર્શક બન્યા.

બધા જ સાધુ-સંતો કંઈ ફકીરી જીવન જીવતા નથી પણ જેઓ નિરાકાર, પરબ્રહ્મ બની મસ્ત ફકીરીમાં જીવે છે તેમની તો વાત જ ન્યારી છે. ખરેખર સાધુસંતો જયારે દિક્ષા લે છે અથવા સ્વૈચ્છિક રીતે સંસાર ત્યાગે છે ત્યારે તેમણે પણ સાધુત્વના નિયમોનું પાલન કરવાનું હોય છે. સંતોનું અંતઃકરણ સદાય જનકલ્યાણના કાર્યો માટે તત્પર હોય છે. આ કામ કોઈના પ્રચાર કાર્યથી થતું નથી પણ પ્રચાર માટે પણ સદ્‌ગુરૂના આશીર્વાદની જરૂર પડે છે. પોતાનું કાર્ય સાધવા માણસ પ્રારંભમાં ઈશ્વરની પ્રાર્થના કરતો હોય છે. મંદિર મસ્જીદોમાં ભગવાનને શોધે છે. આમાં કેટલાક તકસાધુઓ પણ હોય છે જે ભગવાનને પણ છોડતા નથી. એના નામે પોતાની સાત પેઢીનો ઉધ્ધાર કરતા જાય છે.

બાબા જયારે શિરડીમાં પ્રગટ થયા ત્યારે તેમની રહેણીકરણી લોકો માટે અજાયબી ભરી હતી. આખો દિવસ આકાશ સામે જોઈ વાતો કર્યા કરવી, વનવગડામાં ભટકવું, મરજીમાં આવે ત્યારે ભિક્ષા માંગવી, કોઈ ચીજવસ્તુનો મોહ નહીં, બસ અલગારી જીવન જીવવું. દુનિયામાં રહી દુનિયાથી દૂર મસ્તમૌલા ફકીરી જીંદગી જીવવી. એમના આવા વર્તનથી લોકો એમને “ગાંડા ફકીર”ના નામે ઓળખતા.

બાબા રોજ ફકત પાંચ ઘરેથી જ ભિક્ષા માંગી લાવતા. ધન્ય છે શિરડી નિવાસીઓને, એ ઘરોને કે જયાં બાબા, જગતનો નાથ દરવાજે ઊભો રહી "ભિક્ષાં દેહી" કહી આલેખ જગાવતો. પ્રવાહી પદાર્થ ટમ્બલરમાં લેતા અને સૂકો પદાર્થ ઝોળીમાં લઈ દ્વારકામાઈમાં આવી બધુ જ અન્ન એક મોટી થાળીમાં કાઢી ભેગુ કરી દેતા. લાવેલ અન્નમાંથી પક્ષીને, ગાય-કુતરાને, ભિક્ષુકને તથા સાફ-સફાઈ કરવાવાળી હરકોરબાઈને પહેલાં આપી પછી પોતે ખાતાં. આમ થોડામાંથી થોડું પણ વહેંચીને ખાવું જોઈએ એવી શીખ આપણને પોતાના વર્તનથી આપી હતી. સ્વાદેન્દ્રિય જીતેલી હોવાથી જે



પણ અન્ન આરોગતા એ પૂર્ણાનંદથી આરોગતા. આજે પણ દશેરાને દિવસે શિરડીમાં ઝોળી ફેરવવાની પ્રથા ચાલુ છે.

ધીરે ધીરે બાબાની ખ્યાતિ દેશ-પરદેશમાં ફેલાવા લાગી. લોકોનાં ટોળેટોળા શિરડી આવવા લાગ્યા. સૌ કોઈને બાબાના દર્શન કરી પોતાના દુઃખ દર્દ દૂર કરવા હતા. મોક્ષ મેળવવો હતો. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ બાબાની ખ્યાતિ વધતી ગઈ. ભકતો પ્રેમથી જે કંઈ લાવતા તે રકમમાંથી વાર-તહેવારે બાબા પોતે જાતે રસોઈ બનાવી ગરીબોને ખવડાવતા. બજારમાંથી જાતે જ શાક મસાલા લાવતા અને મસાલા વાટવાથી લઈને કાપવા સુધીની આમ રસોઈની બધી જ તૈયારી પોતે એકલે હાથે કરતા.રસોઈ તૈયાર થઈ જાય એટલે બધાને હોંશેહોંશે બોલાવી આગ્રહથી ખવડાવતા. કેટલી સ્વાદિષ્ટ એ રસોઈ અને એને આરોગનારા કેટલા પુણ્યશાળી જીવ કે જગતનો નાથ પોતે રાંધી એમને જમાડે. જન્મોજન્મની ભૂખ ભાંગી જતી. આત્મા તૃપ્ત થઈ જતો.

બાબાએ આટલું દાન તથા કિંમતી ચીજવસ્તુઓ આવવા છતાં કદીપણ સંગ્રહખોરીની વૃતિ રાખી નહોતી. કિંમતી ચીજવસ્તુઓ રાધાકૃષ્ણામાઈની પાસે મોકલી આપતા અને તેઓ ભકતો સાથે મળી એનો યોગ્ય ઉપયોગ કરતા. બાબા રોજેરોજ અમીર પણ બની જતા અને સાંજ પડીએ ફકીર બની જતા. નિત્યક્રમ મુજબ દાનની રકમમાંથી તાત્યાને રૂ. ૧૫/-, નાની અમનીને રૂ.૨/-, જમલીને રૂ.૬/-, ભાગ્યીને રૂ.૨/-, કેળકરદાદાને રૂ.૫/-, સુંદરીને રૂ.૨/-, બયાજી પાટીલને



રૂ. ૪/-, લક્ષ્મીબાઈને રૂ. ૪/-, તથા ફકીર - સાધુસંતોને રૂ. ૮/- આપતા. બાળા સીમ્પી બાબાની કફની સીવતા તેને વર્ષના રૂ. ૪/- આપતા. કોઈપણ પાસે કંઈ મંગાવતા તો તરત એને નાણાં ચૂકવતા. બાબા કહેતા કે નાણા વગર ઘરનો ઉંબર ઓળંગવો એ નાના ઘાટનો ડુંગર ઓળંગવા જેટલું કઠિન છે. કોઈની પાસે પણ મફતમાં કંઈ લેવું નહીં અને મફતમાં સેવા કરાવવી નહીં. જેથી તરત જ વળતર ચૂકવી દેતા. કોઈ પાસે કંઈ મંગાવ્યું હોય તો હિસાબ સામેથી માગી લેતા. જેથી કરીને સામેવાળો પણ સજાગ રહે અને એના મનમાં લોભ કે કપટ ઊભું ના થાય. પોતે જેટલા સજાગ હતા એટલા જ પોતાના ભકતોના વર્તન માટે પણ સજાગ હતા.

શ્રી સાંઈ સત્તચરીત્રના અધ્યાય ૧૪ મા જણાવ્યા મુજબ દેવપૂજન તથા સંતપૂજન દાન વિના અધુરૂં છે. દેવોએ “દ” એટલે સંયમ પાળવો. માનવોએ ‘દ’ એટલે દાન દેવું. દાનવોએ 'દ' એટલે દયા રાખવી જેથી બાબા હંમેશા કહેતા કે 'દાન શ્રધ્ધાથી કરજો. શ્રધ્ધા વગર પણ દાન કરજો પણ ઉદારતાથી દેજો, નમ્ર બનીને દેજો, સહાનુભુતિથી તથા માનપૂર્વક દેજો.

બાબાના દાનની કોઈ સીમા જ નહોતી. કોઈ રકમની ગણતરી તો કદી કરતા જ નહીં. કફનીના ખિસ્સામાં હાથ નાંખી જે રકમ હાથમાં આવે તે આપી દેતા. દાનની ત્રણ પ્રાથમિકતા છે. (૧) આપણને ખબર હોય કે જે તે વ્યક્તિએ પૈસાની કે ચીજવસ્તુની જરૂર છે અને તે માગે તે પહેલા તેને આપવી જોઈએ. (૨) આપણી પાસે કોઈ પૈસા કે ચીજવસ્તુની માંગણી કરે ત્યારે તેને તાત્કાલિક આપવું જોઈએ (૩) આપણી પાસે કોઈ પૈસા કે ચીજવસ્તુની માંગણી કરે ત્યારે આપણામાં એની જરૂરિયાત પૂરી કરવાનું સામર્થ્ય ના હોય તો તેને આશ્વાસન આપવું કે મારી પાસે વ્યવસ્થા થશે એટલે તરત જ તને આપીશ કે હું તારા માટે પ્રયત્ન કરીશ.

બાબા સદાય કહેતા કે તમારી આવકની રકમમાંથી રોજેરોજ થોડુંઘણું દાન કરતા રહો. ખબર નહીં કઈ ઘડીએ યમના તેડા આવશે અને મનની મનમાં જ રહી જશે. પૈસાને સારા કાર્ય માટે વાપરશો તો તેનું ફળ પણ સારૂં જ મળશે અને એશોઆરામમાં વાપરશો તો અંતઃકાળે દવાદારૂ તથા વ્યસનના એશોઆરામમાં જ ફકીર બની જશો. માટે આજની ઘડી આજે જ જીવે લો. તહેવારો નિમિત્તે આવો દાન કરી માનવતાને માણવાનો પ્રયત્ન કરીએ.



"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated


GAJ VALLEY
PEARL
GAJ
GROUP
25+
WORLD-CLASS
AMENITIES
PLOTS &
FARMHOUSE
Near Vadodara for
NRI Investors
Vadodara
Gujarat
PLOT 6.99 LACS ONWARDS
PLOT AREA 999 SQ.FT.
WEBSITE
LOCATION
Site: At CHIPAD, DATTPURA TO ALVA ROAD,
TA. WAGHODIYA, DIST. VADODARA – 391760.
Website: www.gajgroup.in
972 600 8000
PROJECT BY:
SPARK™
INFRAMARK PVT. LTD.
*CONDITIONS APPLY

# JTP FINANCIAL SERVICES

## Financial Freedom Starts Here

# Mastering Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?



JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

## Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning

JOYCE TSANG-PATEL

Phone Number: 416-845-1323

Website: www.jtpfinancial.ca





# ભોળાનાથનો શ્રાવણ

લેખક - હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર

સંવત ૨૦૮૧માં ( ઈ.સ. 2025 ) શ્રાવણ માસનો પ્રારંભ 25 જુલાઈથી થઈ રહ્યો છે, શ્રાવણની અમાસ એટલે કે શ્રાવણનો છેલ્લો દિવસ 23 ઓગસ્ટના રોજ આવવાનો છે. શ્રાવણ સુદ એકમથી શ્રાવણ વદ અમાસ સુધી સમગ્ર ભારતવર્ષમાં ભક્તિભાવથી ભક્તજનો રંગેચંગે શ્રાવણની ઉજવણી કરવાના છે. શ્રાવણ માસ મહાદેવના મહિના તરીકે વિખ્યાત છે. સમગ્ર મહિના દરમિયાન શિવની પૂજા, આરાધના, કીર્તન તથા આરતી કરવામાં આવે છે. પવિત્ર અને પૂજનીય શ્રાવણ માસમાં ભગવાન શિવજીનો રુદ્રાભિષેક, બિલ્વપત્ર અને ભસ્મ ચઢાવવા સહિતની ઘણી બધી પ્રાચીન પરંપરાઓનો સમાવેશ થયેલ છે. શ્રાવણ માસ દક્ષિણાયનમાં આવે છે અને દક્ષિણાયનના દેવતા ભગવાન શિવ છે. તેથી શ્રાવણ માસમાં શિવજીની પૂજા કરવી શુભ માનવામાં આવે છે. શ્રાવણ મહિના દરમિયાન વરસાદની ઋતુ હોય છે. પુરાણોમાં લખ્યા મુજબ ભગવાન શિવને જે પાંદડા અને ફૂલો ચઢાવવામાં આવે છે એ ચોમાસાની ઋતુ દરમિયાન જ આવે છે તેથી શ્રાવણ મહિનામાં ભગવાન શિવજીની પૂજા કરવાની પરંપરા સ્થાપિત થયેલી છે. શ્રાવણ મહિનાની પૂર્ણિમાની તારીખે શ્રવણ નક્ષત્ર આવે છે, જેના કારણે આ મહિનાનું નામ આ નક્ષત્રને કારણે શ્રાવણ પડ્યું છે. સનાતન પરંપરા મુજબ શ્રાવણ અતિ પવિત્ર, શુભ અને ફળદાયી મહિનો છે. શ્રાવણ મહિનામાં સામાન્ય રીતે લોકો ઉપવાસ કરતા હોય છે. શ્રાવણના સોમવારનું અનોખું મહત્ત્વ છે. ઠેકઠેકાણે આખો શ્રાવણ માસ ઉપવાસ કરવામાં આવે છે અને અમાસના દિવસે એની ઉજવણી કરવામાં આવે છે.



રુદ્રાભિષેકઃ શ્રાવણ માસમાં સમુદ્ર મંથન થયેલું હતું. સમુદ્ર મંથન વખતે અમૃતકળશની સાથે હળાહળ વિષ બહાર આવ્યું હતું. ભગવાન શંકરે વિષ ગળામાં ધારણ કરીને સમગ્ર સૃષ્ટિની રક્ષા કરી હતી. પરંતુ આટલું વિષપાન કરવાથી મહાદેવજીના શરીરની ગરમી વધવા લાગી હતી અને ઉત્પન્ન થતી અસહ્ય આંતરિક ગરમીને ઠારવા / ઓછી કરવા / બળતરા અટકાવવા દેવી દેવતાઓએ શંકર ભગવાન ઉપર જળથી અભિષેક કર્યો હતો. આ કારણે શિવલિંગ પર અભિષેક કરવાની પરંપરાગત આસ્થા છે. આ રુદ્રાભિષેક ભગવાનને અતિ પ્રિય છે અને શ્રાવણ મહિનામાં રુદ્રાભિષેક કરનાર ભક્તોને શિવજીના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. વિષ પીધા પછી ભગવાનનો કંઠ વાદળી પડી ગયો હતો. એટલે તેમનું નામ નીલકંઠ મહાદેવ પડ્યું.

બિલ્વપત્રનો અભિષેકઃ ભગવાન શિવજીએ કહેલ છે કે મારી ડાબી આંખમાં ચંદ્ર, જમણી આંખમાં સૂર્ય તથા મધ્યમાં અગ્નિનો વાસ છે. બિલ્વપત્ર ભગવાન શિવજીના ત્રિનેત્રનું સ્વરૂપ માનવામાં આવે છે. બિલ્વપત્ર ચઢાવવાથી ભગવાન શિવની સાથે સાથે ચંદ્ર, સૂર્ય તથા અગ્નિની પણ પૂજા થાય છે. સ્કંદ પુરાણમાં લખેલું છે એ મુજબ દેવી ગિરજા, દેવી મહેશ્વરી, દેવી દાક્ષાયણી, દેવી પાર્વતી, દેવી ગૌરી અને દેવી કાત્યાયની વેલાનાં વૃક્ષમાં વાસ કરે છે. તેથી બિલ્વપત્ર અર્પણ કરવાથી આ સઘળી દેવીઓની પણ પૂજા થાય છે. આમ, બિલ્વપત્ર ચઢાવવાથી એકસામટી ઘણા બધા દેવી દેવતાઓની પૂજા થઈ શકે છે. બીલીપત્રના ઝાડ પર આખી રાત બેસીને ભગવાન ઉપર સતત બિલ્વપત્રનો અભિષેક કરનાર પારધી ઉપર ભગવાન શિવના આશીર્વાદ ઊતરે છે એ લોકવાર્તા ખૂબ પ્રસિદ્ધ છે.

શિવ પૂજા દ્વારા શાશ્વત સ્વાસ્થ્યના આશીર્વાદઃ મૃકંડ ઋષિના પુત્ર માર્કંડેયે દીર્ઘાયુષ્ય માટે શ્રાવણ માસમાં અદ્વિતીય તપ કરીને ભગવાન શિવજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ભગવાન શિવના આ આશીર્વાદરૂપી સુરક્ષા કવચના કારણે સ્વયં યમરાજ પણ માર્કંડેયનો પ્રાણ ના લઈ શક્યા અને માર્કંડેય અમર થઈ ગયા. આ વિશેષ કારણથી શ્રાવણ માસમાં દીર્ઘાયુષ્ય માટે શંકર ભગવાનની પૂજા કરવામાં આવે છે. અકાળ મૃત્યુ તથા જુદા જુદા પ્રકારના રોગોથી મુક્તિ મેળવવા માટે પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવની સ્તુતિ કરવામાં આવે છે.

ભસ્મ ચઢાવવાની પરંપરાઃ શિવપુરાણમાં જણાવ્યા મુજબ ભગવાન શિવજીની પૂજા ભસ્મ વિના અધૂરી છે. જ્યારે દક્ષ પ્રજાપતિએ શિવજીનું અપમાન કર્યું હતું ત્યારે સતીએ હવન કુંડમાં કૂદીને પોતાના પ્રાણની આહુતિ આપી હતી. ભગવાન શિવે સતીની ચિતાની ભસ્મ પોતાના શરીર પર લગાવી હતી. એ સમયથી ભગવાન શિવજીને ભસ્મ ચઢાવવાની પરંપરા સ્થાપિત થઈ હતી. દરેક સંપ્રદાયના ભક્તોની ભસ્મ ચઢાવવાની રીત અલગ અલગ હોય છે. શૈવ સંપ્રદાયના ભક્તો મૃતકોની ભસ્મ ભગવાન શિવને ચઢાવે છે.

કેનેડાના ગુજરાતી કમ્યુનિટી ન્યૂઝ પેપર 'ગરવી ગુજરાત' અઠવાડિક મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે આવી રહેલા પવિત્ર શ્રાવણ માસમાં સનાતન સંસ્કૃતિને ઉજાગર કરીએ. આપણે સંકલ્પ લઈએ કે આ વર્ષે આપણે શ્રાવણ માસ દરમિયાન સમય કાઢીને મંદિરે જઈએ, દર્શન-પૂજા-આરતી કરીએ. આપણી ભાવિ પેઢીને સનાતન સંસ્કૃતિ સાથે જોડવા માટે આપણી સંસ્કૃતિ અને ધર્મની કથાઓની વિગતવાર સમજણ આપીએ. આપણા સૌ શુભેચ્છકો/ સ્નેહીઓ / મિત્રો / કુટુંબીઓ / સહકર્મીઓ / સાથીદારોને અન્ય એક વ્યક્તિને સનાતન સંસ્કૃતિ અને ધર્મના માર્ગે લઈ જવાનો સંકલ્પ લેવડાવીએ.



# કેનેડાના આઈ લવ ગુજરાત ગ્રુપ પ્રવાસે









કેનેડાના આઈ લવ ગુજરાત ગ્રુપ દ્વારા શનિવારે સ્કૂલ બસ ભાડે લઈને બ્લુ માઉન્ટેન અને  કોલિંગ વુડખાતે આવેલ સનસેટ બીચના પ્રવાસે 50 સભ્યોની ટીમ નીકળી હતી સવારે 8:00 થી સાંજે સાત વાગ્યા સુધી રમણીય દ્રશ્યો વચ્ચે પ્રવાસની મજા માણી હતી સવારે નાસ્તો બપોરે લંચ અને સાંજે હાઈટીની વ્યવસ્થા સાથે ગુજરાતી હોય એટલે ગરબા તો હોય જ સાથે ગીત સંગીત અને મીમીક્રીનો આનંદ લઈ ખૂબ મજા માણી હતી.

## Google અને Apple પર CMAનો સકંજો: એપ સ્ટોરના નિયમો બદલાશે, ડેવલપર્સને થશે ફાયદો

લંડનઃ યુકેની કોમ્પિટિશન એન્ડ માર્કેટ ઓથોરિટી(CMA) બિઝનેસ અને યુકેના અર્થતંત્રને અનેક રીતે મદદ કરે છે. તાજેતરમાં CMA એક નવી નીતિ તૈયાર કરવા જઈ રહ્યું છે. જેની ગૂગલ અને એપલ જેવી કંપની પર અસર પડશે.

એપલ અને ગૂગલ પોતાના એપ સ્ટોર્સ ચલાવે છે. જેના પરથી યુઝર્સ એપ ડાઉનલોડ કરે છે. એપ સ્ટોર્સ દ્વારા એપને રિવ્યુ પણ આપી શકાય છે. પરંતુ એપલ સામે ફરિયાદ કરવામાં આવી છે કે, કંપની એપ રિવ્યુ સિસ્ટમના ગુપ્તના ડેટાનો ઉપયોગ કરીને તેની સેવાનો પ્રચાર કરે છે અને પોતાનો ફાયદો કરે છે. તેથી CMA આ અંગે નવી નીતિ લાવવાની તૈયારી કરી રહ્યું છે. આ નીતિ હેઠળ યુઝર્સને એપલ અથવા ગૂગલ પે વોલેટ સિવાય અન્ય ડિજિટલ વોલેટનો ઉપયોગ કરવાનો વિકલ્પ આપવામાં આવશે.

ગૂગલ અને એપલ પોતાના એપ સ્ટોર્સ પરથી ખરીદી માટે માત્ર ગૂગલ અથવા એપલની પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવાનોજવિકલ્પઆપેછે.જેથી તેના ડેવલપર્સને દરેક ખરીદી પર 30 ટકા જેટલું કમિશન એપલ અને ગૂગલને આપવું પડે છે. જેથી બંને કંપનીઓને ઘણી કમાણી થાય છે. પરંતુ CMAની નવી નીતિથી એપ ડેવલપર્સની કમાણી વધવાની તથા કંપનીનું કમિશન ઘટવાની સંભાવના છે. CMAની નવી નીતિનો એપ્પલે વિરોધ કર્યો છે. એપલે જણાવ્યું કે, આ ફેરફાર યુઝરની ગોપનીયતા જોખમમાં મૂકી શકે છે. CMA આ અંગે નિષ્ણાતોનો અભિપ્રાય માંગ્યો છે. આ નીતિને CMA આગામી વર્ષથી લાગુ કરવાની યોજના બનાવી રહ્યું છે. CMA ના ચીફ એક્ઝિક્યુટિવ સારાહ કાર્ડેલના જણાવ્યાનુસાર, યુકેમાં હાજર મોબાઈલ ઉપકરણોમાં એપલ અને ગુગલનો 90 થી 100 ટકા ભાગ ધરાવે છે. તેનાથી 4 લાખ લોકોને નોકરી મળી રહી છે.

## રશિયામાં પ્લેન ક્રેશ: હેલિકોપ્ટરને મળ્યો વિમાનનો 'સળગતો ભાગ'

મોસ્કોઃ છેલ્લા બે મહિનાથી વિમાન દુર્ઘટનાઓ વધી રહી છે. જૂન મહિનામાં અમદાવાદ ખાતે પ્લેન ક્રેશ થયું હતું. તાજેતરમાં 21 જુલાઈના રોજ બાંગ્લાદેશની એક શાળા પર પ્લેન ક્રેશ થયું હતું. પ્લેન ક્રેશની દુર્ઘટનાઓમાં વધુ એક દુર્ઘટનાનો ઉમેરો થયો છે. આજે રશિયામાં એક પેસેન્જર પ્લેન ક્રેશ થયું છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ, રશિયાનીઅંગારાએરલાઈન્સનું ટ્વીન-એન્જિન એન્ટોનોવ-24 વિમાન બ્લાગોવેશેન્સ્ક શહેરથી ટિંડા શહેર તરફ જવા રવાના થયું હતું. આ વિમાનમાં 49



મુસાફરો સવાર હતા. પરંતુ બ્લાગોવેશેન્સ્ક શહેરથી ટેક-ઓફ થયેલું એન્ટોનોવ-24 વિમાન ટિંડા ખાતે પહોંચી શક્યું ન હતું. કારણ કે તે અમુર વિસ્તારના ટિંડા શહેરથી 16 કિમી દૂર એક ટેકરી પર ક્રેશ થઈ ગયું હતું. અમુર વિસ્તારની નાગરિક સંરક્ષણ એજન્સીએ વિમાન દુર્ઘટનાને લઈને તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. "દુર્ઘટનાસ્થળે 25 લોકો અને સાધનોના પાંચ એકમો મોકલવામાં આવ્યા છે.

# ભારતના પાસપોર્ટ રેન્કિંગમાં મોટો સુધારો, હવે 59 દેશમાં વિઝા-ફ્રી એન્ટ્રી

નવી દિલ્હીઃ હેન્લે પાસપોર્ટ ઇન્ડેક્સના સમાચાર ભારત માટે શુભ સંકેત લઈ આવ્યું છે, જેમાં તેની રેન્કિંગ 85માંથી 77મા સ્થાને પહોંચી ગઈ છે. જાન્યુઆરી 2025થી ભારતને 59 દેશ માટે વિઝા ફ્રી સુવિધા મળી છે. આ સુધારો આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વધતી પ્રતિષ્ઠા અને દ્વિપક્ષીય કરારોનું પરિણામ છે. આ રેન્કિંગે ભારતીય નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય મુસાફરીને વધુ સરળ બનાવવાની આશા જગાવી છે.

હેન્લે પાસપોર્ટ ઇન્ડેક્સની જુલાઈ 2025ની રેન્કિંગ અનુસાર ભારતીય પાસપોર્ટે આઠ પોઇન્ટનો સુધારો કર્યો છે અને હવે તે 77મા ક્રમે રહ્યું છે. આ રેન્કિંગ આંતરરાષ્ટ્રીય વાયુ પરિવહન સંઘ (IATA)ના ડેટા પર આધારિત છે, જે દર્શાવે છે કે ભારતીય પાસપોર્ટધારકો હવે 59 દેશમાં વિઝા વગર મુસાફરી કરી શકે છે. આ સુધારો ભારતની રાજકીય પહેલ અને દ્વિપક્ષીય સમજૂતીઓની સફળતાને દર્શાવે છે, જેનાથી ભારતીય પાસપોર્ટની વૈશ્વિક માન્યતા વધી છે.

હેન્લે પાસપોર્ટ ઇન્ડેક્સમાં સિંગાપોરે પોતાનું શ્રેષ્ઠ સ્થાન જાળવી રાખ્યું છે, આ પાસપોર્ટધારકો 227માંથી 193 દેશોમાં વિઝા-ફ્રી




પ્રવેશ મેળવી શકે છે. એશિયાઈ દેશો જાપાન અને દક્ષિણ કોરિયા 190 દેશોની વીઝા-મુક્ત પહોંચ સાથે બીજા સ્થાને છે. યુરોપીયન યુનિયનના સાત દેશો - ડેન્માર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઇટલી અને સ્પેન - 189 દેશની પહોંચ સાથે ત્રીજા સ્થાને છે. ચોથા સ્થાને ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, લક્ઝમબર્ગ, નેધરલેન્ડ્સ, નૉર્વે, પોર્ટુગલ અને સ્વીડન છે, જ્યારે ન્યૂ ઝીલેન્ડ, ગ્રીસ અને સ્વિટ્ઝર્લેન્ડ 187 દેશની પહોંચ સાથે પાંચમા સ્થાને છે.

સઉદી અરેબિયાએ પણ પાસપોર્ટ રેન્કિંગમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, જે 91 દેશોની વીઝા-મુક્ત પહોંચ સાથે ચાર સ્થાન ઉપર ચઢીને 54મા ક્રમે પહોંચ્યું છે. બીજી તરફ, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સની રેન્કિંગમાં ઘટાડો થયો છે. યુકે 186 દેશોની પહોંચ સાથે છઠ્ઠા સ્થાને, જ્યારે અમેરિકા 182 દેશોની પહોંચ સાથે 10મા સ્થાને છે. નોંધનીય છે કે અમેરિકાને પહેલીવાર ટોચના 10માંથી બહાર થવાનો ખતરો છે, જે ગયા દાયકામાં તેની રેન્કિંગમાં સતત ઘટાડાને દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના પાસપોર્ટ રેન્કિંગમાં આ સુધારો દેશની વધતી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને રાજનાયિક પ્રયાસોનું પરિણામ છે. જોકે, વિઝા-મુક્ત દેશોની સંખ્યામાં માત્ર બે સ્થાનનો વધારો થયો છે, આ સુધારો ભારતની દ્વિપક્ષીય સમજૂતીઓ અને વૈશ્વિક સંબંધોમાં પ્રગતિને દર્શાવે છે. આ રેન્કિંગ ભારતીય નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય મુસાફરીને વધુ અનુકૂળ બનાવવાની દિશામાં એક મહત્વનું પગલું છે, અને ભવિષ્યમાં આવા સુધારાઓ ચાલુ રહેવાની અપેક્ષા છે.

### ટ્રમ્પે બહાર પાડ્યો નવો ફતવો

## ચીનમાં ફેક્ટરી અને ભારતમાં ભરતીઓ બંધ કરો અને ઘરઆંગણે રોજગાર વધારો

રશિયા અને યુક્રેન વચ્ચે પાછલા ઘણા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધ રોકવા માટે અમેરિકાએ ઘણી વખત મધ્યસ્થી કરાવવાના પ્રયાસ કર્યા પરંતુ નિષ્ફળ રહ્યા હતા. ત્યારે રશિયા અને યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે બુધવારે ઈસ્તાંબુલમાં સાત અઠવાડિયા બાદ પ્રથમ વખત શાંતિ વાટાઘાટો યોજાયો હતો. આ બેઠક એવા સમયે થઈ જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર યુદ્ધ વિરામની સમજૂતી કરવા દબાણ વધાર્યું. આ વાટાઘાટો બંને દેશો વચ્ચેના લાંબા સંઘર્ષને ઉકેલવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, યુક્રેન ઈચ્છે છે કે આ બેઠક રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી વચ્ચે શિખર બેઠકનો માર્ગ મોકળો કરે. આવી શિખર બેઠકને સંઘર્ષના નિરાકરણ માટે નિર્ણાયક માનવામાં આવે છે. જોકે, રશિયાનું ક્રેમલિન આ બેઠકથી કોઈ મોટી સફળતાની આશા રાખતું નથી.

અગાઉ 16 મે અને 2 જૂનની બેઠકોમાં યુદ્ધબંદીઓ અને મૃત સૈનિકોના શબોનું આદાન-પ્રદાન થયું હતું, પરંતુ આ બેઠકો ત્રણ કલાકથી ઓછી હતી અને યુદ્ધના અંત માટે કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ ન હતી. ટ્રમ્પે ફેબ્રુઆરીમાં વ્હાઈટ હાઉસમાં ઝેલેન્સકી સાથેની જાહેર ચર્ચા બાદ તેમના સંબંધોમાં સુધારો કર્યો છે. બીજી તરફ, પુતિન પ્રત્યેની તેમની નારાજગી સતત વધી રહી છે.

ટ્રમ્પે રશિયાને ગત સપ્તાહે ચેતવણી આપી હતી કે 50 દિવસમાં શાંતિ સમજૂતી નહીં થાય તો રશિયા અને તેના નિકાસ ખરીદનારા દેશો પર કડક પ્રતિબંધો લાગુ થશે. જોકે, નાણાકીય બજારોની પ્રતિક્રિયા દર્શાવે છે કે રોકાણકારોને આ ચેતવણીના અમલ અંગે શંકા છે.

ઈસ્તાંબુલની આ બેઠક રશિયા-યુક્રેન સંઘર્ષના ઉકેલ માટે નવી આશા જગાવે છે, પરંતુ પડકારો હજુ ઘણા છે. યુક્રેન શિખર બેઠક દ્વારા નક્કર પરિણામની અપેક્ષા રાખે છે, જ્યારે રશિયાનું વલણ સંયમિત છે. ટ્રમ્પનું દબાણ અને બજારોની પ્રતિક્રિયા આ વાટાઘાટોના ભાવિ દિશા નિર્ધારિત કરશે.

## અમે અમારા ફિલિસ્તાની ભાઈ-બહેનો સાથે છીએઃ UNSCમાં ભારતનો હૂંકાર

નવી દિલ્હીઃ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતે ગાઝામાં થઈ રહેલા નરસંહાર અને માનવતા સામે ઊભા થયેલા સંકટ સામે વિરોધ દર્શાવી ઈઝરાયલ અને અમેરિકાને સ્તબ્ધ કરી દીધા છે. UNSCમાં ભારતે પોતાની રજૂઆત કરતા ગાઝાની સ્થિતિને ચિંતાજનક ગણાવી છે અને તાત્કાલિક ધોરણે યુદ્ધ બંધ કરવાની વાત મૂકી છે.

ભારતે યુએનએસસીમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે ફક્ત છૂટક યુદ્ધવિરામ યોગ્ય નથી. આનાથી જે તે પ્રદેશના લોકોને પડતી મુશ્કેલીઓને દૂર કરી શકશે નહીં. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત પર્વતાનેની હરીશે બુધવારે યુએન સુરક્ષા પરિષદમાં મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ- પેલેસ્ટાઈન પ્રશ્ન સહિત વિષય પર ખુલ્લી ચર્ચા દરમિયાન આ વાત કહી હતી. હરીશે કહ્યું, આજની બેઠક ગાઝામાં ગંભીર માનવતાવાદી કટોકટીની સ્થિતિ અંગે થઈ રહી છે. છૂટાછવાયા યુદ્ધવિરામને લીધે ત્યાંના લોકો દૈનિક ધોરણે ખોરાક અને ઈંધણની તીવ્ર અછત, અપૂરતી તબીબી સુવિધાઓ અને શિક્ષણની વ્યવસ્થાનો અભાવ વગેરે જેવા પડકારો




ઝીલી રહ્યા છે. હરિશે આ મામલે કહ્યું કે આવી માનવીય સંકટની સ્થિતિમાં ભારતની સ્પષ્ટ નીતિ છે કે શાંતિનો કોઈ વિકલ્પ નથી. આથી તાત્કાલિક સંપૂર્ણ યુદ્ધ વિરામ થાય. તમામ બંધકોને છોડી દેવામાં આવે અને સંવાદ અને વાટાઘાટોથી આ સમસ્યાઓનું સમાધાન શોધવામાં આવે. હરિશે એમ પણ કહ્યું કે ભારત અને ફિલિસ્તાન વચ્ચે વર્ષોથી સારા સંબંધો છે અને અમે હંમેશાં અમારા ફિલિસ્તાની ભાઈ-બહેનો સાથે ઊભા રહ્યા છીએ. ફિલિસ્તાનીઓને સાથ આપવા અમે કટિબદ્ધ છીએ.

ભારતના આ ખૂબ જ સ્પષ્ટ અને મજબૂત વલણે અમેરિકા અને ઈઝરાયલ સહિત વિશ્વને સ્તબ્ધ કર્યું છે, જ્યારે માનવતાવાદી અભિગમવાળા લોકો અને ગાઝામાં થઈ રહેલી અમાનવીય પ્રવૃત્તિઓના વિરોધીઓ ભારતની આ રજૂઆતને બિરદાવી રહ્યા છે.


ICICS
INDO CANADIAN IMMIGRANT COMMUNITY SERVICES
In Association With
REALBIZ Realty Inc. BROKERAGE
Independently Owned and Operated
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
REAL ESTATE BROKER
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
Dharmendra Oza
Mortgage Broker | Lic#M13002286
DOza@OzaMortgage.com
www.OzaMortgage.com | www.ams.house
Scan Me
AFFINITY MORTGAGE SOLUTIONS INC
Dominion Lending Centres
647.453.5626 (LOAN)
Right Advise & Right Financing For Residential & Commercial Mortgages
PROUDLY PRESENTS
JALSO
A MULTICULTURAL EVENT
(Music, Dance, Food, DJ)
Amazing Dance and Wonderful
Instrument Performances are there
Amazing Event with Dinner Included...
Hosted by : SRIJEET
SHOUNAK | VAISHALI | KIRIT
HEMNISH
Instrument Performer
FOR SPONSORSHIPS & TICKETS CALL
LALIT SONI : 647 400 6248
ANJALI : 905 239 6506
TICKETS
REGULAR $25
VIP $35
GROUP OF 8 PEOPLE $160
(Dinner Included)
TICKETS ALSO AVAILABLE ON
Sulekha eventbrite allevents
Date : Saturday, Aug 23, 2025
Dinner Time : 5.30 pm to 7.00 pm | Show Time : 7.00 pm to 9.30 pm
VENUE : BHAVANI SHANKAR HALL (GORE / EBENEZER)
90 Nexus Ave, Brampton, ON, L6P 3R6
MEDIA SUPPORT
ગુજરાત ન્યૂઝલાઈન
WWW.GUJARATNEWSLINE.CA
IMMIGRANT NEWSLINE
Best South Asian-Canadian Newspaper
www.immigrantnewsline.com
ध्वनि Dhwani Community Newspaper
हिन्दी Abroad
ગુજરાતનો રણકાર
ગરવી ગુજરાત